# આણંદ કૃષિ યુનિવર્સિટી

## આણંદ

**જાહેરાત ક્રમાંક ૦૩/૨૦૧૮ (બિન–શૈક્ષણિક)**

## (ખેતી મદદનીશ અને તેની સમકક્ષ)

આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા જાહેરાત ક્રમાંક ૦૩/૨૦૧૮ અન્વયે તા.૦૯/૦૬/૨૦૨૨ના રોજ સ્પર્ધાત્મક પરીક્ષા લેવામાં આવેલ હતી અને તેનું પરિણામ યુનિવર્સિટીની વેબસાઇટ ઉપર ઓનલાઇન પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય ગાંધીનગરના પરિપત્ર ક્રમાંકઃ સશપ/૧૨૨૦૨૨/૮૯૩૫/અ, તા.૨૫/૦૨/૨૦૨૨ની સૂચનાઓ અનુસાર રાજ્ય સરકારની સેવાઓમાં નિમણૂંક આપતાં પહેલાં સત્તાધિકારી દ્વારા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોના જાતિ પ્રમાણપત્રની ચકાસણી / ખરાઇ નિયામકશ્રી, વિકસીત જાતિ કલ્યાણની કચેરી, ગાંધીનગર ખાતે નિયત ફોર્મમાં વિગતો ભરી અને આધાર પુરાવાની નકલો સાથે ખરાઇ કરાવ્યા બાદ તેઓને રાજ્ય સરકારની સેવાઓમાં નિમણૂંક આપવાની જોગવાઇ થયેલ છે.

જાહેરાત ક્રમાંક ૦૩/૨૦૧૮ અન્વયે ખેતી મદદનીશ અને તેની સમકક્ષ સંવર્ગના સામેલ યાદી મુજબના ઉમેદવારોને સામેલ પરિપત્ર અનુસાર ફોર્મ બે નકલમાં **તા.૧૨/૦૭/૨૦૨૨, મંગળવારના રોજ સમયઃ ૦૯:૦૦(સવારે) કલાકે તમામ અસલ દસ્તાવેજો સહિત સ્વખર્ચે કુલસચિવશ્રીની કચેરી, યુનિવર્સિટી ભવન, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ** ખાતે રૂબરૂ હાજર રહેવાનું રહેશે. જો કોઇ ઉમેદવાર આ પ્રક્રિયામાં હાજર રહેશે નહીં તો તે ઉમેદવાર જાતિ અંગેના પ્રમાણપત્ર રજૂ કરવામાં અસમર્થ છે. તેમ માની ભરતીની આગળની પ્રક્રિયામાંથી બાકાત કરવામાં આવશે.

આ સાથે સામેલ ઉમેદવારોની યાદી ફકત સામાજિક અને શૈક્ષણિક પછાત જાતિના પ્રમાણપત્રોની ચકાસણી માટે જ છે જેથી ઉમેદવાર નિમણૂંક અંગેનો હકક દાવો કરી શકશે નહીં. તથા જાતિના પ્રમાણપત્રોની ચકાસણી નિમણૂંક અંગેની ખાતરી નથી.

કુલસચિવ

# ANAND AGRICULTURAL UNIVERSITY

Agricultural Assistant (ADVT-3/2018) (NON TEACHING)

ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ સચિવાલય ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક સશપ/ ૧૨૨૦૨૨/ ૮૬૩૫/અ તા. ૨૫/૦૨/૨૦૨૨ અનુસાર પ્રમાણપત્રની ચકાસણી અર્થે સામાજિક શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોની યાદી

| Sr.No. | Application Id | Full Name | Category | Gender |
|---|---|---|---|---|
| 1 | AAU-15-68-232-2018-2594 | Nandaniya Bhavna Harsukhbhai | SEBC | F |
| 2 | AAU-15-68-232-2018-2806 | Balas Mukeshkumar Jilubhai | SEBC | M |
| 3 | AAU-15-68-232-2018-2437 | Dharmesh Samatbhai Dharasanda | SEBC | M |
| 4 | AAU-15-68-232-2018-1723 | Mori Vijaykumar Jayantibhai | SEBC | M |
| 5 | AAU-15-68-232-2018-2618 | Chauhan Nisha Girvatsinh | SEBC | F |
| 6 | AAU-15-68-232-2018-1335 | Chudasama Harshal Mohanlal | SEBC | M |
| 7 | AAU-15-68-232-2018-2822 | Bavaliya Tusharbhai Rasikbhai | SEBC | M |
| 8 | AAU-15-68-232-2018-3631 | Dangar Dhavalkumar Naranbhai | SEBC | M |
| 9 | AAU-15-68-232-2018-988 | Ram Akshaybhai Rajabhai | SEBC | M |
| 10 | AAU-15-68-232-2018-1837 | Jinjala Dayaben Bhavanbhai | SEBC | F |
| 11 | AAU-15-68-232-2018-3120 | Jaysukhbhai Ravjibhai Makwana | SEBC | M |
| 12 | AAU-15-68-232-2018-3673 | Jignesh Oghad Bhai Rathod | SEBC | M |
| 13 | AAU-15-68-232-2018-1637 | Sodhaparmar Mayankkumar | SEBC | M |
| 14 | AAU-15-68-232-2018-1365 | Solanki Savan Kantibhai | SEBC -PWD | M |
| 15 | AAU-15-68-232-2018-2858 | Divyeshbhai Jaydevbhai Patel | SEBC-PWD | M |

ઉકત યાદી ફકત સામાજિક અને શૈક્ષણિક પછાત જાતિના પ્રમાણપત્રોની ચકાસણી માટે જ છે જેથી ઉમેદવાર નિમણૂંક અંગેનો હકક દાવો કરી શકશે નહીં. તથા જાતિના પ્રમાણપત્રોની ચકાસણી નિમણૂંક અંગેની ખાતરી નથી.

ANAND AGRICULTURAL UNIVERSITY GUJARAT

25 MAR
8412

સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોને નિમણૂક આપતા પૂર્વે જાતિ પ્રમાણપત્રોની ચકાસણી/ખરાઈ કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
પરિપત્ર ક્રમાંક: સશપ/૧૨૨૦૨૨/૮૬૩૫/અ,
સચિવાલય ગાંધીનગર
તા. /૦૨/૨૦૨૨

2 5 FEB 2022

**વંચાણે લીધા:**

(૧) **The Gujarat Scheduled Castes, Scheduled Tribes and Other Backward Classes (Regulation of Issuance and Verification of Certificates) Act,2018**

**પ્રસ્તાવના:-**

વંચાણે લીધા ક્રમાંક (૧) ઉપરના **The Gujarat Scheduled Castes, Scheduled Tribes and Other Backward Classes (Regulation of Issuance and Verification of Certificates) Act,2018**ની જોગવાઈ અનુસાર અનામત વર્ગોના ઉમેદવારોને નિમણૂક આપતા પહેલાં જાતિ પ્રમાણપત્રોની ખરાઈ કરવાની રહે છે. જે અન્વયે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોના જાતિ પ્રમાણપત્રની ખરાઈની કામગીરી નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણની કચેરી, ગાંધીનગર દ્વારા કરવામાં આવે છે. જાતિ પ્રમાણપત્રની ચકાસણી માત્ર ભૌતિક ખરાઈ પુરતી સીમિત નથી, પરંતુ આ ચકાસણીના સંદર્ભમાં સંબંધિત ઉમેદવાર ખરેખર જે તે જાતિ પૈકીની જાતિના છે કે કેમ ? તે અંગે ઉંડાણપૂર્વક ચકાસણી કરવામાં આવતી હોઈ આવા ઉમેદવારોની જાતિ, ગુજરાતના મૂળ વતની હોવા અંગેના પર્યાપ્ત આધારો મેળવીને તથા ચકાસણી કરીને ઉમેદવારના જે તે જાતિ અંગેના દાવાની યોગ્યતા અંગે નિર્ણય લેવામાં આવે છે. આ પ્રક્રિયા ખૂબ જ જટીલ તેમજ સંવેદનશીલ છે. આથી સરકારી સેવાઓમાં નિમણૂકમાં વિલંબ નિવારવા માટે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોના જાતિ પ્રમાણપત્રોની ચકાસણી પ્રક્રિયા સરળ અને ઝડપી બનાવવા માટે જરૂરી સૂચનાઓ પ્રસિદ્ધ કરવાની બાબત

સરકારશ્રીના વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણા અંતે સરકાર નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

<u>પરિપત્ર :-</u>

રાજ્ય સરકારની સેવાઓમાં નિમણૂક આપતાં પહેલાં સત્તાધિકારી દ્વારા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોના જાતિ પ્રમાણપત્રની ચકાસણી/ખરાઈ નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણની કચેરી, ગાંધીનગર ખાતે કરાવવા માટે નીચે મુજબની પદ્ધતિ અનુસાર કાર્યવાહી કરવાની રહેશે .

(૧) સંબંધિત વિભાગ/ખાતાના વડા દ્વારા જે ઉમેદવારોના સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના જાતિ પ્રમાણપત્રોની ચકાસણી કરાવવાની થતી હોય તેવા તમામ ઉમેદવારો પાસેથી આ સાથે સામેલ રાખેલ નિયત ફોર્મમાં વિગતો તથા આધારપુરાવાની નકલો **મેળવીને નિયત ફોર્મ સાથે મોકલવાની રહેશે .**

(૨) ઉમેદવારો તરફથી રજૂ થયેલ આધાર -પુરાવાની તેના અસલ પુરાવા સાથે ખરાઈ કરીને સંબંધિત વિભાગ/ખાતાના વડાની કચેરીના અધિકૃત અધિકારી દ્વારા ફોર્મમાં નક્કી કરેલ જગ્યાએ સહિ/સિક્કા સાથે જરૂરી પ્રમાણપત્ર અચૂક આપવાનું રહેશે.

(૩) સંબંધિત વિભાગ/ખાતાના વડાની કચેરી દ્વારા તમામ ઉમેદવારો પાસેથી મળેલ નિયત ફોર્મ તેની સાથેના આધાર પુરાવા સહિત એકત્રિત કરી તમામ ઉમેદવારોના ફોર્મ તથા નામ, સરનામા, ઈ-મેઈલ, તથા સંપર્ક અંગેની વિગતો સહિતની યાદી એકસાથે નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણની કચેરી, ગાંધીનગરને મોકલી આપવાની રહેશે.

ઉપર્યુક્ત સૂચનાનું ચૂસ્તપણે અને યોગ્ય રીતે પાલન કરવા સચિવાલયના/સર્વે વિભાગોને જણાવવામાં આવે છે તેમજ તેમના તાબા હેઠળના સર્વે ખાતાના વડા, કચેરીઓના વડા, બોર્ડ, કોર્પોરેશન તથા નિગમના વડાઓને આ પરિપત્રનો અમલ કરવા અંગે જરૂરી સૂચનાઓ આપવાની રહેશે.

આ પરિપત્ર વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર માન. મંત્રીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(આર.જે.ખરાડી)
નાયબ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ગુજરાત સરકાર

બિડાણ: નિયત ફોર્મ

પ્રતિ,

- **માન.રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી,રાજભવન,ગાંધીનગર.**
- **માન.મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી,સ્વર્ણિમ સંકુલ-૧,સચિવાલય,ગાંધીનગર.**
- **માન. મંત્રીશ્રી (સા.ન્યા.અધિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર**
- **માન.રા.ક. મંત્રીશ્રી (સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર**
- **મુખ્ય સચિવશ્રીના સંયુક્ત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.**
- **સર્વે વિભાગોના અધિક મુખ્ય સચિવશ્રીઓ/અગ્રસચિવશ્રીઓ/સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર. (આ સૂચના તાબા હસ્તકના વડાઓ તથા પ્રાદેશિક અધિકારીઓના ધ્યાને લાવવાની વિનંતી સહ)**
- સંયુક્ત સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ. ગાંધીનગર.(પત્ર દ્વારા)
- નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ ખાતું, , ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- કોમ્પ્યુટર શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. શાખાના ઠરાવો સાથે ઓનલાઇન પ્રસિધ્ધ કરવાના હેતુસર.
- ના.સે.અધિકારીશ્રીનીસિલેક્ટ ફાઇલ
- શાખા સિલેક્ટ ફાઇલ

(સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક: સશપ/૧૨૨૦૨૨/૮૩૬૫/અ તા.૨૫/૦૨/૨૦૨૨ નું બીડાણ)

## સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના પ્રમાણપત્રની ચકાસણી માટે ઉમેદવારે રજૂ કરવાની થતી વિગતોનું ફોર્મ

(ફોર્મ ભરતા પહેલા ફોર્મ સાથેની સુચનાઓ અવશ્ય વાંચવી)

પ્રતિ,
નિયામકશ્રી,
નિયામક વિકસતી જાતિ કલ્યાણની કચેરી,
બ્લોક નં. ૪/૩, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

વિષય :- સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના પ્રમાણપત્રની ચકાસણી બાબત

શ્રીમાન સાહેબ,

રાજ્ય સરકારશ્રી હેઠળના .................................................. વિભાગ/ ખાતા હેઠળની (હોદ્દો) ............................................ ની જગ્યા ઉપર ભરતી સંદર્ભે મેં રજુ કરેલ મારા ........................ જાતિના સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના પ્રમાણપત્રની ચકાસણી માટે **મારી નીચે મુજબ વિગતો અને આધારો રજૂ કરૂ છું.**

| | | | |
|---|---|---|---|
| ૧ | **ઉમેદવારનું પુરૂં નામ** | : | |
| ૨ | **ઉમેદવારના પિતાનું પુરૂંનામ** | : | |
| ૩ | **હાલનું સરનામું (પુરૂં સરનામુ પીન કોડ નંબર સહિત દર્શાવવું )** | : | |
| ૪ | કાયમી સરનામું (પુરૂં સરનામુ દર્શાવવું ) | : | |
| ૫ | ઉમેદવારની જાતિ | : | |
| ૬ | મૂળ વતન | : | ગામ: ............................તાલુકો: ........................<br>જિલ્લો: ........................ રાજય: .................... |
| ૭ | ઇ-મેઇલ એડ્રેસ | : | |
| ૮ | સંપર્ક માટે મોબાઇલ નંબર/ ટેલીફોન નંબર | : | |
| ૯ | ઉમેદવારના સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના પ્રમાણપત્ર નંબર તારીખ (નકલ સામેલ રાખવી) | : | |

(પાછળ)

| | |
|---|---|
| ૧૦ | અગાઉ અન્ય જગ્યા માટેની ભરતી સંદર્ભે આ જાતિ પ્રમાણપત્રની નિયામક, વિકસતી જાતિ કલ્યાણ ની કચેરી ખાતે ચકાસણી કરાવેલ છે? (હા / ના) |
| | જો ચકાસણી કરાવેલ હોય તો :- |
| | (અ) તેવી જગ્યાનો હોદ્દો અને વિભાગ/ ખાતાની વિગત : |
| | (બ) ચકાસણી કરાવ્યાનો માસ/વર્ષ (આ બાબતના પત્રની નકલ સામેલ રાખવી) : |
| ૧૧ | ઉમેદવારના શાળા છોડ્યાના પ્રમાણપત્રના નંબર તારીખ (નકલ સામેલ રાખવી) : |
| ૧૨ | ઉમેદવારના પિતા શિક્ષિત હોય તો તેમના શાળા છોડ્યાના પ્રમાણપત્રના નંબર તારીખ (નકલ સામેલ રાખવી) : |
| ૧૩ | તા.૧/૪/૧૯૭૮ પહેલાના જાતિ અને વતન અંગેના અન્ય જે પુરાવા હોય તે. : (નકલ સામેલ રાખવી) |

| ક્રમ | જેનો પુરાવો/ પ્રમાણપત્ર હોય તમનું પુરૂં નામ | પુરાવાની વિગત (એલ.સી, દસ્તાવેજ, **હક્કપત્રકની નોંધ વગેરે જે હોય તે)** | પુરાવાના નંબર/ ઇસ્યુ તારીખ | જેનો પુરાવો રજૂ કરેલ છે તેનો ઉમેદવાર સાથે સબંધ |
|---|---|---|---|---|
| ૧ | | | | |
| ૨ | | | | |
| ૩ | | | | |
| ૪ | | | | |
| ૫ | | | | |

| | | | |
|---|---|---|---|
| ૧૪ | જો ઉમેદવારના પિતા/દાદા અન્ય રાજ્યમાંથી ગુજરાતમાં આવીને વસ્યા હોય તો, (મૂળ ગુજરાત રાજ્યના વતનીના કિસ્સામાં આ વિગતો જરૂરી નથી) | | |
| | (અ) | મૂળ વતનની વિગત :- | |
| | | ગામ : | |
| | | તાલુકો : | |
| | | જિલ્લો : | |
| | | રાજ્ય : | |
| | (બ) | પિતા કે દાદા પૈકી કોણ ગુજરાત રાજ્ય ખાતે આવીને વસ્યા છે . :- | |
| | (ક) | કયા વર્ષથી ગુજરાત રાજ્ય ખાતે આવીને વસ્યા છે. | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | (ડ) | ગુજરાતમાં કાયમી વસવાટના સમર્થનમાં પુરાવાઓ : (નકલ સામેલ રાખવી) | | | |
| | ક્રમ | જેનો પુરાવો/ પ્રમાણપત્ર હોય તેમનું પુરૂ નામ | પુરાવાની વિગત | પુરાવાના નંબર/ તારીખ | જેનો પુરાવા રજૂ કરેલ છે તેનો ઉમેદવાર સાથે સબંધ |
| | ૧ | | | | |
| | ૨ | | | | |
| | ૩ | | | | |

અમારા દ્વારા રજુ કરવામાં આવેલ ઉકત વિગતો અને આધાર-પુરાવા સાચા છે, તેમાં કોઇપણ પ્રકારના સુધારા-વધારા કે ફેરફાર કરવામાં આવેલ નથી, તેની આથી બાંહેધરી આપીએ છીએ. ભવિષ્યમાં આ વિગતો કે પુરાવા ખોટા પુરવાર થશે તો તે અંગેની જવાબદારી અમારી રહેશે.

તારીખ : ઉમેદવારની સહી : ..............................

સ્થળ :

## સંબંધિત ખાતા/કચેરીના અધિકૃત કરેલા અધિકારીનું પ્રમાણપત્ર

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે ઉમેદવારશ્રી/શ્રીમતી/કુ. .............................. એ આ ફોર્મ સાથે જે આધાર- પુરાવાની નકલો રજુ કરેલી છે તે તમામની તેના અસલ ( Original) પત્રો/દસ્તાવેજો સાથે ચકાસણી કરવામાં આવી છે અને તે બરાબર જણાયેલ છે. રજુ થયેલ નકલોમાં કોઇ તફાવત કે સુધારા- વધારા થયેલા જણાયેલ નથી.

તારીખ : અધિકૃત અધિકારીની સહી : ..............................

સ્થળ : અધિકારીનું નામ અને હોદ્દો : ..............................

કચેરીનો સિક્કો :

(નોંધ : ઉમેદવાર તરફથી કોઇ ચોકકસ અસલ ( Original) પત્રો/દસ્તાવેજો રજુ થયેલ ન હોય અથવા તફાવત જણાયેલ હોય તો તેની સ્પષ્ટ વિગતો આ પ્રમાણપત્રમાં જણાવવી)

..............................

## સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના પ્રમાણપત્રની ચકાસણી માટે ઉમેદવારે વિગતો રજૂ કરવા અંગે ધ્યાને લેવાની સૂચનાઓ

૧. નિયત નમુનાના ફોર્મમાં વિગતો ભરી, સહી કરી તે ફોર્મ તેમાં સામેલ રાખવા જણાવેલ છે તેવા આધારોની સ્વપ્રમાણિત નકલો સહિત, જે ખાતાની જગ્યા માટે પસંદગી થયેલ હોય તે ખાતા મારફત રજુ કરવાનું રહેશે.

૨. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અંગેના જાતિ પ્રમાણપત્રની ચકાસણી માટે ઉમેદવારે રજુ કરવાપાત્ર આધાર- પુરાવા.

(૧) ઉમેદવારે મેળવેલ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગનું જાતિ પ્રમાણપત્ર.

(૨) ઉમેદવારના ધો.અથવા ૧૦ અથવા ધો. ૧૨ ના શાળા છોડયાનું પ્રમાણપત્ર.

(૩) ઉમેદવારના પિતાશ્રીના શાળા છોડયાનું પ્રમાણપત્ર. (ઉમેદવારના પિતા અશિક્ષિત હોય તો તેમની જન્મ તારીખ, જન્મ સ્થળ અને જાતિ દર્શાવતા અન્ય પુરાવા રજુ કરવા અને તેની વિગતો ફોર્મના ક્રમ ૧૩ માં દર્શાવવી )

(૪) ઉમેદવારની સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની જાતિ/પેટા જાતિ પુરવાર થતી હોય **તેવા આધારો જેમકે કાકા/ ફોઇ/ દાદા/ પરદાદા જેવા પિતૃપક્ષના સંબંધીઓ પૈકી કોઇનું શાળા છોડયાનું પ્રમાણપત્ર અથવા જમીન, મકાન કે અન્ય સરકારી વ્યવહાર માટે કરેલ કાગળો કે જેમાં જાતિ, પેટા જાતિની નોંધ તા.૧/૪/૭૮ પહેલાંથી થયેલી હોય તેવા આધારો. (આવા આધાર- પુરાવાની વિગત ફોર્મના ક્રમ ૧૩ માં દર્શાવવી )**

(૫) મૂળ ગુજરાત રાજ્યના વતની ન હોય તેવા અન્ય રાજ્યોમાંથી સ્થળાંતર થયેલા ઉમેદવારના કિસ્સામાં તેઓના પિતા/દાદા, સીધી લીટીના વડવાઓ તા.૧/૪/૧૯૭૮ પહેલાથી ગુજરાત રાજ્યમાં કાયમી વસવાટ ધરાવે છે તે પુરવાર થાય તેવા રેશનકાર્ડ, મતદાર યાદી, નોકરી, ધંધા, વેરા, સ્થાવર મિલકતની ખરીદ-વેચાણ કે માલિકી અંગેના પુરાવા અથવા અન્ય સરકારી રેકર્ડ આધારીત પુરાવા. **(આવા આધાર- પુરાવાની વિગત ફોર્મના ક્રમ ૧૪(ડ)માં દર્શાવવી )**

(૬) સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની જાતિ પુરવાર થાય તેવા અગત્યના ProbativeValue ધરાવતા અન્ય જે કોઇ આધાર/પુરાવા હોય તે.

(૭) જાતિના સમર્થનમાં પિતરાઇ ભાઇ/બહેન/ કાકા/ ફોઇ/ દાદા/ પરદાદાના પુરાવા રજુ કર્યા હોય તો તેમની સાથે ઉમેદવારનો પિતૃપક્ષે સંબંધ પુરવાર કરવા માટે પેઢીનામું અને તેના સમર્થનના આધારો. (આવા આધાર- પુરાવાની વિગત ફોર્મના ક્રમ ૧૩ માં દર્શાવવી )

૩. કોઇ કિસ્સામાં અસલ આધારો વેરીફીકેશન માટે રૂબરૂ રજૂ કરવા જણાવવામાં આવે તો નિયત તારીખ અને સમયે રૂબરૂ ઉપસ્થિત થવાનું રહેશે.

૪. ઉમેદવાર દ્વારા જે કોઇ આધાર-પુરાવા રજૂ કરવામાં આવે તેની પ્રાથમિક ચકાસણી થયા બાદ જરૂર જણાય તેવા કિસ્સામાં વધારાના આધાર-પુરાવા રજૂ કરવા સૂચવવામાં આવે તો ઉમેદવારે વધુ આધાર-પુરાવા (રૂબરૂ અથવા ટપાલ મારફત, જે રીતે જણાવવામાં આવે તે રીતે) રજૂ કરવાના રહેશે.

---- o ----